સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

ઉડે ધજાગરા આબરુના બધું લીરામય છે,
બધી જ યોજનાઓનો વહીવટ શીરામય છે,
ગીરામય છે વચનો, પ્રવચનો ને પ્રચારલીલા -
માત્ર ધર્મ-સમાજોનું ભંગાણ નિરામય છે.

હાઈકુ

છે આવશ્યક
રાજકારણે શુદ્ધિ
તંદુરસ્તીની

મન-કર્મથી
સૌ રહો નિરામય
એ જ પ્રાર્થના....

ચિંતન

ધર્મ: કામશ્ચ દર્પશ્ચ ક્રોધ: સુખં વય: ।
અર્થોદેતાનિ સર્વાણિ પ્રવર્તન્તે ન સંશય: ॥

ઉપરોક્ત શ્લોક અષ્ટાવકગીતામાંથી લેવામાં આવેલ છે.

ધર્મ, કામ, અભિમાન, હર્ષ, ક્રોધ, ઉમ્મર, સુખ, આયુષ્ય આ બધું જ અર્થ-ધન-સંપત્તિ દ્વારા જ થાય છે એમાં કોઈ શંકા નથી.

જીવનમાં પૈસાનું મહત્ત્વ નથી એમ કહેનારા મહાત્મા-સંતો, ફકીરો, પીઠાદીશો બધા જ આશ્રમ તપોવનો બનાવી આધુનિક સુવિધા સાથે આરામદાયક 'તપસ્વી' જીવન જીવતા હોય છે. પૈસા વિના પાળેલા કૂતરા જેવું છે. સુંઘતું સુંઘતું પાછળ પાછળ આવી જ જાય.

હર્ષ-આનંદ, પૈસાથી જ પ્રાપ્ત થાય છે. ગરીબોને માટે એ શક્ય નથી. પૈસા હોય તો જ ક્રોધ, ઊંચો સ્વર શક્ય બને, ગરીબીમાં નમ્રતા જ હોય છે. પૈસાથી આરોગ્ય, સારવાર, ઉંમર, આવરદા જળવાય છે.

જીવનમાં પૈસાનું મહત્ત્વ છે પણ પૈસા પાછળ પડી ન જવાય, એને તો પાછળ જ રાખવો જોઈએ.

સુવિચાર

- પૈસા પણ કમાલની વસ્તુ છે, જેની પાસે નથી તેની કોઈ ઉજ્જત નથી,
  અને જેની પાસે છે એને કોઈની ઈજ્જત નથી - **ડો. કુમારપાળ દેસાઈ**
- પોતાનાંઓથી બદલો ના લેવાયો હોય, પોતે જ બદલાઈ જવાનું હોય - **રોહિત શાહ**
- હાલીને આવ્યા નથી, અને હાલીને જશો નહીં,
  તો પછી શું 'આમ હાલી નીકળ્યા છો' - **મોરારિ બાપુ**
- તું એકલો નહિ 'એકલો' છે, ઊઠ, હજારો મીંડા તારી મૂલ્ય સમજ' - **પરમાનંદ ત્રિપાઠી**
- સત્ય એક વિશાળ વૃક્ષ છે, તેની જેમ જેમ સેવા કરશે તેમ તેમાં અનેક ફળ બેસશે - **આત્મસૂત્ર**
- રોજ ઈચ્છાનો સ્વયંવર થાય છે,
  રોજ મનની માછલી વિંધાય છે - **કાજલ ઓઝા વૈદ્ય**
- આજનું ઔષધ : હરડેના ફળને નારિયેળના તેલમાં હરળે ફળ ઓગળે ત્યાં સુધી ઉકાળવું, પછી તે તેલ વાળમાં નાખવાથી વાના જટિલ રોગોમાં ફાયદો થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

માનવતા પ્રેમી ડૉ. બ્રેકેટની સગાઈ એલીન કોમવેલ નામની સુંદર યુવતી સાથે થઈ. લગ્નના આગળના દિવસે એલીન ડૉ. બ્રેકેટના ઘરે મળવા આવ્યા. બંને વચ્ચે હજી વાતચીત શરૂ થઈ હતી ત્યાં બારણે કોઈએ ટકોરા માર્યા. એલીનને આ દખલ પસંદ પડી નહીં. ડૉ. બ્રેકેટ દરવાજો ખોલ્યો ત્યાં એક હસબી સ્ત્રી ઊભી હતી. એની આંખમાં આંસુ હતા. ડૉ. બ્રેકેટે પૂછ્યું 'શું થયું ?' હબસી બાઈએ કહ્યું, 'સાહેબ મારો એકનો એક પુત્ર બીમાર છે. મારા ઘરે વિઝિટે આવો એને બચાવી લો.' હબસી સ્ત્રીની વાત સાંભળી ડૉ. બ્રેકેટે બેગ લીધી. એલીનને આ જરા પણ ગમ્યું નહીં. એણે અકળાઈને કહ્યું, 'હું આટલે દૂરથી તમને મળવા આવી. આવતીકાલે આપણાં લગ્ન થવાના છે. માટે આપની સાથે વાતો કરવી છે. અને તમે તો મને આમ છોડીને ચાલ્યા ?' 'ડૉ. બ્રેકેટે વિમ્રતાથી કહ્યું, 'તમે થોડી વાર મારી રાહ જુઓ આ બાઈનો બાળક ગંભીર રીતે બીમાર હોય તો મારે એની સારવાર માટે તત્કાળ પહોંચવું જોઈએ. એ મારી પ્રથમ ફરજ છે.'' એલીને ગુસ્સામાં કહ્યું, 'તમને મારા પ્રેમની કોઈ કિંમત નથી જો તમે આ સ્ત્રીના બાળકને વધુ મહત્ત્વ આપો છો તો અહીં જ આપણો સંબંધનો વિચ્છેદ કરી દઈએ, હું તમારી સાથે લગ્ન કરવા રાજી નથી.' ડૉ. બ્રેકેટે કહ્યું, 'આવું થાય તો મને કોઈ અફસોસ નહીં થાય કારણ કે મારા માટે આપનો પ્રેમ કરતા દર્દી પ્રથમ છે.' આટલું કરી ડૉ. બ્રેકેટ પેલા બાળકની સારવાર માટે નીકળી ગયા. આ ઘટના પછી ડૉ.બ્રેકેટે આ જીવન લગ્ન કર્યા નહીં અને દર્દીઓની સેવામાં પોતાનું સમગ્ર જીવન અર્પણ કરી દીધું.

બેઉ બળિયા સાથે વળગિયા...

તંત્રીસ્થાનેથી...

શાળાકાળમાં અભ્યાસક્રમમાં આવતી નરસિંહ મહેતાની પેલી 'નાગદમણ' કવિતા યાદ આવી જાય એવો સિનારિયો વિશ્વની બે મહાસત્તાઓના નેતાઓ વર્ચ્યુઅલ સમિટમાં સામસામે આવ્યા ત્યારે રચાયો. કૃષ્ણ અને કાળીનાગની લડાઈમાં તો આખરે કાળીનાગ સાથે એ મુદ્દે સમાધાન થઈ ગયેલું કે એને ગોકુળની યમુના છોડી અજાણી જગ્યાએ ચાલ્યા જવું. અમેરિકા ચીનને એના ત્રાસથી પીડાતા તાઈવાન-હોંગકોંગ કે તિબેટ મુદ્દે પોતાની આંતરરાષ્ટ્રીય માનવ અધિકારોની રખેવાળીની સત્તાની વાત કરતું રહ્યું છે અને આખો હિંદ-પ્રશાંત સમુદ્ર વિસ્તારમાં લુચ્ચા ચીનની દાદાગીરી સામે વિરોધ પ્રદર્શિત કરતું રહ્યું છે. લોકશાહી રાષ્ટ્રોની ભરે ચડવાની પોતાની ફરજની રુએ અમેરિકાએ અબજો ડૉલરની લહાણી પડે છે, જરૂર પડ્યે અફઘાનિસ્તાનમાં સેના પણ મોકલવી પડે છે. ચીન હવે ઊભરતી મહાસત્તા નથી રહ્યું. એની પાસે અમેરિકા કરતાં વધુ ઝડપથી વિકસતી ઈકોનોમી છે, અમેરિકાને હંફાવે એવાં અણુશસ્ત્રો સહિતની યુદ્ધ સામગ્રી છે અને સૌથી મોટી અસ્કામત જેવી વિશાળ જનસંખ્યા છે. એ ઘેર ઘેરથી બળજબરીપૂર્વક સૈન્યમાં ભરતી થવા માટે એના નાગરિકોને ફરજ પાડી શકે છે. ચીનની સત્તાધારી કોમ્યુનિસ્ટ પાર્ટીના સર્વોચ્ચ નેતા તરીકે શી જિનપિંગે પોતાની સ્થિતિ દુનિયાના કોઈ પણ નેતા કરતાં વધુ મજબૂત બનાવી દીધી છે. ચીનમાં એમની સામે આંગળી ઉઠાવવાનો કોઈને અધિકાર રહ્યો નથી. સેના એમનો પડ્યો બોલ ઝીલવા તૈયાર છે અને ઘરઆંગણે આટલી મજબૂતાઈ પછી એ વિશ્વપટલ પર પણ પોતાનો અવાજ કોઈની સાડીબાર રાખ્યા વગર રજૂ કરી રહ્યા છે. અમેરિકાને પણ ચીનની અને એના સર્વોચ્ચ નેતાની આ પ્રચંડ તાકાતની પ્રતીતિ થઈ ચૂકી છે. એટલે એ ભારતની તરફેણ કરવામાં પણ જોઈ વિચારીને જ આગળ વધશે. ભારત તો રશિયા સાથેની દોસ્તીને પણ વળગી રહેવાનું છે. શક્ય હોય ત્યાં સુધી અમેરિકા ચીન સાથે સીધુંસીધું બથ્થબથ્થાં ન આવી જવું પડે તો સારું - એટલું તો સમજી જ ચૂક્યું છે. અફઘાનિસ્તાનમાં એને મળેલ અપજશ પછી એ બીજા દેશો ખાતર પોતાના સૈનિકોનું લોહી વહેડાવતાં કે બીજાઓને બચાવવા પોતાનાં નાણાં વેડફવાનું ભાગ્યે જ પસંદ કરશે. છતાં તાઈવાન અને હોંગકોંગ જેવા મુદ્દે એનું જૂનું અને જાણીતું વલણ યથાવત્ હોવાનું એ દર્શાવતું રહેશે એ પણ નક્કી છે. એ સિવાય તો એ નાના અને એનાં બગલબચ્ચાં તરીકે ચીન સામે ઘુરકિયાં કરતા દેશોની નજરમાં નીચું જ ઊતરી જાય અને નવાં વૈશ્વિક સમીકરણો રચાય તેમાં અમેરિકાનું 'મોટાભા' વાળું સ્વરુપ નેસ્તનાબૂદ થઈ જાય. અમરિકાના શાણા અને અનુભવી રાષ્ટ્રપ્રમુખ માટે ચીન માથાનો દુખાવો બની રહ્યું છે. એ ચીનને ટ્રમ્પની ભાષામાં વખોડી નથી શકતા. જાણે છે કે અમેરિકા હવે દુનિયાની જમાદારી કરવા લાયક નથી રહ્યું. એ અમેરિકાનાં હિતો સાચવે તોય ગનીમત છે કપટી ચીનને આગળ વધતું અટકાવવાનું અશક્યવત જ છે - એની સાથે યુદ્ધ કરવામાં પણ શાણપણ નથી. ખુદ અમેરિકન પ્રજા નથી ઈચ્છતી કે અમેરિકા દુનિયાની રખેવાળી કરવા પાછળ પોતાની આર્થિક ખુવારી અને સૈનિકોની શહીદી વહોરતું ફરે. એટલે જો બાઈડન સાથે જયારે લુચ્ચાં ચીની ડ્રેગને ઘુરકિયાં કર્યાં ત્યારે એ શી જિનપિંગ જેવી ઉગ્રતા ન દાખવી શક્યા. ચીને તો સ્પષ્ટ ભાષામાં કહી દીધું છે કે વધુ પડતી ફિશિયારી ભારે પડશે. આગમાં હાથ નાખશો તો સારાવાટ નહીં રહે. તાઈવાન-હોંગકોંગમાં અમે અમારી રીતે જ વર્તીશું.

બાળકને તમારો પ્રેમ આપો, તમારા વિચારો નહીં : ખલીલ જિબ્રાન

લાગણીનો મેળો
રસિક વાળંદ

દૂરથી આવે શૈશવનો સાદ
સુકોમળ આજને આંગણ,
અડધા ખૂલ્યા બારણેથી મન
જાય રે દોડી
વચનું એને કોઈ ન વારણ

- રાજેન્દ્ર શાહ

બાળદિન - બાળકો માટેનો સ્પેશિયલ દિવસ... એક મા-બાપ તરીકે 'બાળદિને' તમે તમારા બાળકને કંઈ આપ્યું કરું !!?

'બાળક પ્રભુનો પયગંબર છે,' 'દીકરી વહાલનો દરિયો,' દીકરો મારો કુળદિપક,' 'તમે મારા દેવના દીધેલ છો,' આજનું બાળક આવતીકાલનો નાગરિક છે.' 'બાળક જીવનબાગનું પુષ્પ છે.' આવી હજારો પ્રચલિત વાતોથી હરકોઈ શિક્ષિત માબાપ વાકેફ છે જ...

ગિજુભાઈ બધેકા 'મૂછાળી મા' તો એવું કહેતા, 'બાળક એ પરમાત્માએ માનવજાત પર લખેલો પ્રેમપત્ર છે.' આ કથનનો સંકેત સમજીએ તોય ઘણું છે. પ્રેમીઓ પ્રેમપાત્રોને જીવની જેમ સાચવે છે, પ્રેમપત્ર એક મોંઘી જણસ છે, એમાં પ્રેમીજને હૈયું ઠાલવ્યું હોય છે, વારે વારે પ્રિયજનના શબ્દો ઉકેલવાની ઘેલછા જાગે.... તો પછી બાળખ તો ઈશ્વરનું સર્જન... જેમાં ઈશ્વરનું હૈયું ઠલવાયું હોય એ કેટલું કિમતી ને મૂલ્યવાન ગણાય....!!

એકબાજુ સમાજમાં નિઃસંતાન દંપતીઓ સંતાન પ્રાપ્તિ મટો બાધા-આખડીને - ડૉકટર, હકીમ, વૈદ્યોનાં પગથિયાં ઘસી નાખે છે. શેર માટીની ખોટ કાજે ખોળો પાથરી જ્યાં - ત્યાં કાલાવાલાં કરતાં હોય છે, તો બીજી બાજુ 'ગમતું બાળક પારણે નહીં તો મંદિરમાં બારણે' એ ન્યાયે તરછોડાયેલાં 'કર્ણ' કોઈ સહૃદયીની નજરે ચડી જઈ 'રાધેય' તરીકે ઓળખાય પણ ખરાં!!!!

દોસ્તો, વધતાં જતા વૃદ્ધાશ્રમો અને બાલાશ્રમો ભારતીય સંસ્કૃતિને લાગી રહેલો લૂણો છે, છતાં માનવીની માનવતાને આ ઘરડાંઘરો અને અનાથાલયો જીવાડી રહ્યાં છે.

પ્રતિવર્ષ આવતો 'બાળદિન' સાચા અર્થમાં મા-બાપની ભૂમિકામાં ઊણાં ઊતર્યા છો કે નહીં - એ ચિંતવવા ને ચેતવવા આવે છે. બાળ ઊછેર એ કેવળ માની જ જવાબદારી છે એમ ઠોકી બેસાડનારા મા અને બાળકને અન્યાય કરી બેસે છે. મા-બાપ 'કાળજાના કટકા' - ને 'રાંકના રતન' - ને એવી રીતે ઉછેરે કે બાળક માટે જિંદગી બોજ નહીં ઉત્સવ બની રહે...

આમ જોઈએ તો મા-બાપ થવું એક મોટી કસોટી છે, ક્યાંક મેં એક વાક્ય વાંચ્યું, 'લાયક બનો પછી ઈચ્છા કરો.' આ કથન માબાપને વિશેષ કરીને લાગું પડે. માત્ર શારીરિક પુખ્તતાને કારણે મા-બાપ બની જવું એ કંઈ મોટી ધાડ માર્યા જેવું નથી. સાચી યોગ્યતા તો માનસિક પુખ્તતાથી છે. જે સમયે સંતાન પ્રાપ્તિ માટે ઉતાવળા - અધીરા બનો છો, એ સમય જ બહુ મોટી જવાબદારીવાળો હોય છે - એવો ગંભીર વિચાર કરનારા કેટલાં ?! આ તો પ્રભુના પ્રતિનિધિને પામવાની સાધના છે - મહાતપ છે... બાળકના આગમન પૂર્વે એક આદર્શ માહોલ દરેક પરિવારમાં સર્જાય તો કેવું?!

હમણાં વિદ્યાર્થી-વાલી સંપર્કમાં જવાનું થયું... દળદળ દારિદ્રયથી પીસાતા એક પરિવારને મળ્યા. અભ્યાસની વાતો કરી.... પરિવારના મોભી આવ્યા... મારી પાસે ઊભેલી આશ્ચર્ય ને પ્રશ્નાર્થ સમી ચાર દીકરીઓને ઉદ્દેશીને વડીલ પ્રાકૃતજન બરાડ્યા આ ચાર પથરા જણ્યા છે - એક દીકરી હોય તો કેવું ? થોડોક સંવાદ કર્યો પણ બધું નિરર્થક ...! આમેય સમાજમાં દીકરી કરતાં પુત્ર જન્મોત્સવનો આનંદ કંઈ અદકેરો હોય છે...

ઉપનિષદ કહે છે કે પુત્ર એ તો માબાપનું હૃદય છે, 'જેમને ત્યાં સુપુત્ર હોય તે ધન્ય છે.' એમ દેવીપુરાણ કહે છે. મહાભારતના આદિપર્વમાં બ્રહ્માજીએ કહ્યું છે કે, 'એક સુપુત્રનું ઘડતર કરવું મહાન કર્મ છે.' સામાન્ય દીવાની જયોત તો કાળાશ કરે પણ કુળદીપક તો યશસ્વી બનાવે. એક ગુણવાન પુત્ર સો પુત્રની ગરજ સારે છે. માત્ર કામના કરવાથી ઉત્તમ સંતાનો પ્રાપ્ત ન થાય, સંતાનના સંસ્કાર ઘડતર એક સાધના છે. ઘણીવાર 'ચોરની મા કોઠીમાં મોં ઘાલીન રુએ' એ ન્યાયે ખરાબ સંતાનો માબાપ અને કુળને લજવતાં હોય છે.

ખલિલ જિબ્રાને એક વેધક વાત લખી છે કે, 'મા-બાપ ધનુષ્ય છે બાળક બાણ છે ને ઈશ્વર ધર્નુધર છે.' બ્રહ્માસ્ત્ર કે લક્ષ્યવેધી બાણોની સાર્થકતા ગાંડીવ કે સારંગને કારણે છે.

અનુસંધાન પાના નં. ૭ પર

આપણી આસપાસ અનેક સારી બાબતો થઈ રહી છે

અબીલ-ગુલાલ
મમતા રાવલ

એક મુસાફરી દરમ્યાન બે ગ્રુપ જોરશોરથી ચર્ચાએ ચઢયા હતા. એક ગ્રુપ અત્યારની સામાજીક-રાજકીય-આર્થિક પરિસ્થિતીથી રાજી હતું. અન્ય ને સમાજના નૈતિકપતન પ્રત્યે રોષ હતો. રોજીંદી ઘટનાઓથી દુઃખી આ ગ્રુપના સભ્યો અનેક ઘટનાઓ ટાંકીને રજૂઆત કરી રહ્યા હતા. આ એક સામાન્યપણે જોવા મળતો સીન હતો.

સાંભળવાની મઝા પડે એવી આ ચર્ચામાં હકારાત્મક વાતોમાં રસ પડ્યો. ગ્રુપના એક બહેને તેમના પરિવારના સભ્યને અત્યારે અમેરિકા જવા સંદર્ભે થયેલો અનુભવ સંભળાવ્યો. કો-વેક્સિન લીધી હોય એવા વ્યક્તિને યુ.એસ માં એન્ટ્રી બાબતે સરકારે ખૂબ લડત આપી. છેવટે એપ્રુવલ મળ્યું અને જે તે વ્યક્તિ પોતાના જરૂરી કામ માટે યુ.એસ જઈ શક્યા. એ માટે બહેન પોતે ખૂબ ખુશ હતા. કોરાના દરમ્યાન થયેલા અનેક સારા કાર્યોની વાતમાં દરેકનો સૂર એક હતો. વ્યક્તિગત હોય કે એનજીઓ કે સરકાર સહુએ એક જૂથ થઈને કામ કર્યું અને મિશન સફળ રહ્યું. ટેકનોલોજીના વધુ ઉપયોગ સામે પ્રત્યાઘાતો મિશ્ર હતા. પરંતુ બધા જ જાણતા હતા કે આ સમયનો તકાદો છે. રોજીંદા જીવનમાં ટેકનોલોજીનો ઉપયોગ વધવાથી જીવન વધુ સરળ બન્યું છે અને જીવનધોરણ ઊંચું આવ્યું છે એમાં બેમત નથી. ટેકનોલોજીની મદદને કારણે કાયદાઓનું પાલન કરાવવું સરળ બન્યું છે. અનેક કાયદાઓ નાગરિકોની આર્થિક તેમજ અન્ય સુરક્ષા અર્થે અમલમાં આવ્યા છે એ સારી બાબત છે. આ વાતોથી કદાચ એવું પ્રતિપાદિત થાય કે હું સરકારની તરફેણ કરી રહી છું. પરંતુ અહીં એવા કોઈ ઈરાદો નથી. જે હકારાત્મકતા મને સાંપડી એને વહેંચવા માત્રનો આ પ્રયત્ન છે.

આ ચર્ચાનાં ભાગ લેનાર એક યુવાન MAD સંસ્થાના કાર્યકર કરીકે સેવા આપતો હતો. એ યુવાન પોતાની એ સેવા અને સંસ્થાના કાર્ય તેમજ હેતુથી ખૂબ રાજી હોવાનું વર્તાતુ હતું. નેશનલ લેવલ પર કામ કરતી MAD-MAKE A DIFFERENCE નામની સંસ્થા, શેલ્ટરહોમમાં આશ્રય લઈ રહેલા બાળકો સાથે કામ કરે છે. ૨૩ શહેરોના, ૬૪ શેલ્ટર હોમ્સના ૩૫૦૦ બાળકો સાથે આ યુવાનોની બ્રિગેડ કામ કરે છે. જેમાં જીવનની બેઝીક બાબતો શીખવવાની સાથે એકેડેમીક સપોર્ટ અને ત્યાર પછી સમાજ સાથે સેઈફ, સ્ટેબલ અને સપોર્ટીવ રીલેશન ગોઠવાવા સુધી મોરલ સપોર્ટ અને ગાઈડન્સ આપે છે. એક વોલેન્ટિયરને વધુમાં વધુ બે બાળકોના સંભાળની જવાબદારી આપવમાં આવે છે. કોઈ આર્થિક અપેક્ષા વિના આ યુવાનો પોતાની સેવા આપે છે. કેવું સરસ !!!

આવી અનેક વાતો એ વાતની સાક્ષી પૂરતી હતી કે આપણી આસપાસ અનેક સારી બાબતો થઈ રહી છે. કદાચ આપણને એની જાણ નથી. સમય સાથે ઘણું બદલાયું છે ટ્રાફિકની સમસ્યા માટે પબ્લીક ટ્રાન્સપોર્ટનું પ્રમોશન, પર્યાવરણ માટે સૌર ઊર્જાના વધુ ઉપયોગની હિમાયત વગેરે જેવા અનેક પ્રયત્નો થઈ રહ્યા છે. જરૂર માત્ર નઝરીયાની છે, સ્વીકારની છે.

એક કંપનીમાં તેમના કર્મચારીઓ માટે 'પ્રગતિની રાહ' નામનો એક કોન્સેપ્ચ્યુલ પ્રોગ્રામ કન્ડકટ કરવાની તક મળેલી તેમાં OPC કોન્સેપ્ટની ચર્ચા બહોળા પ્રમાણમાં થતી. 'O' એટલે કે ઓપનનેસ, મનની ઊઘાડી બારી. નવા વિચારોને આવકારવા અને જૂના વિચારોને ત્યજવાની તૈયારી, પરિવર્તનને સ્વીકારવાની પરંપરાને તોડવાની તૈયારી, કમ્ફર્ટ ઝોન છોડીને કરેજ ઝોનમાં પ્રવેશવાની તત્પરતા, નસીબના આધારે ના બેસી રહેતા પુરુષાર્થની તૈયારી, આ છે ઓપનેસ. આ ઓપનનેસને કારણે આજે દેશ વિશ્વના ફલક પર પોતાનું નામ રોશન કરી રહ્યો છે. જ્યાં આ ઓછું પડ્યું એ પાકિસ્તાન-અફઘાનિસ્તાન બની રહ્યા છે. વર્ષો પહેલાં ગાંધીજીએ મેલુ ઉપાડવાની પ્રથાનો વિરોધ અસ્પૃશ્યતા નિવારણ જેવી ઝુંબેશ થકી પરિવર્તનનો પવન ફૂંક્યો હતો.

P – પરસેપ્શન, એટલે કે વસ્તુ, વ્યક્તિ, ઘટના પ્રત્યે કેવા દ્રષ્ટિકોણથી જુઓ છે. અહીં નેગેટીવ કે પોઝીટીવ દ્રષ્ટિકોણની વાત નથી. એક વ્યક્તિ માટે જે બાબત પોઝટીવ છે એ બીજા માટે નેગેટીવ હોઈ શકે છે. માટે જ દ્રષ્ટિકોણ સાચો એટલે કે યોગ્ય કેળવવાની જરૂર પડે છે. આવો દ્રષ્ટિકોણ જે કેળવી શકે છે એ સાચો વિકાસ પામે છે.

C – કોમ્યુનીકેશન, કોઈ પણ ઘટનાનો મજબૂત પાયો છે. યોગ્ય દિશાનું, સમયસરનું કોમ્યુનીકેશન પરિણામ તરફ લઈ જાય છે.

આ OPC કોન્સેપ્ટને અપનાવવાથી વિકાસ અચૂક શક્ય બને છે. નવા વર્ષે સહ સ્મિત વિકાસની વાટે આપ સહુનું જીવન પ્રસ્થાન કરે એજ શુભેચ્છા. હવે પછી કદાચ હમણાં આ માધ્યમથી મુલાકાત ન થાય તો સમયાંતરે મળવાની આશા સાથે ફરી એકવાર આપ સહુના પ્રેમ માટે વંદન.

તમને કોઈકને પ્રપોઝ કરતા સંકોચ થાય છે?

નખરાળી જિંદગી
નિયતી કાપડીયા

હા, હવે મને ખબર છે કે પ્રપોઝ કરવું એટલે શું. કોઈને તમે તમારી સાથે લગ્ન કરવાનું પૂછો એને સામાન્ય માણસો પ્રપોઝ કર્યું એમ કહે છે અને એમાં જ અચ્છેઅચ્છા માર ખાઈ જાય છે! તમે પણ એવા જ સંકોચગ્રસ્ત માણસ હોં તો આજનો મારો આ લેખ તમારા માટે જ લખાયો છે.

સૌથી પહેલી વાત, તમને ગમતું પાત્ર મળી જાય ત્યારે તમે એને પ્રપોઝ ભલે ભવિષ્યમાં કરો પણ એની પ્રેક્ટિસ તમારે આ વર્તમાનથી જ ચાલુ કરવી પડશે. તમારા રોજિંદા જીવનમાં તમે કેટલીય જગ્યાએ રોજ પ્રસ્તાવ/પ્રપોઝલ મૂકો જ છો, તમને બસ એની ખબર નથી પડતી. તમારે તમારી એ જ આવડત પર કામ કરવાનું છે. જેમ કે, ચાલને આજે પિક્ચર જોવા જઈએ? અરે યાર આજે સખત ગરમી છે એક એક આઈસ્ક્રીમ થઈ જાય? એય તે કાલે જે શર્ટ પહેરેલું એ બૌ મસ્ત હતું મને એક દિવસ પહેરવા આપીશ? - આ બધાને પ્રપોઝ કર્યું કહેવાય અને શરૂઆતમાં તમારે તમારા મિત્રોને આ રીતનું પ્રપોઝ કરવાની ટેવ પાડવી પડશે.

ધારો કે તમારે ઘરે અચાનક કોઈ મહેમાન આવી જાય છે અને તમારે ત્યાં ખાંડ ખલાસ થઈ ગઈ છે, તો? આવા વખતે તમારી બાજુવાળા ભાભી/કાકી/માસી પાસે જઈ, એક નાનકડી સ્ટીલની વાટકી લંબાવી ખાંડ આપવા પ્રપોઝ કરવું હિતાવહ છે. એ ઉધાર લીધેલી ખાંડની ચા બનાવી તમે હોંશે હોંશે અતિથિ આગળ ધરો અને એ એમ કહે કે, ''હું ચા નથી પીતો! તમે ખોટી તકલીફ લીધી!× ત્યારે ફરી કૉફી બનાવવાની મહેનત કર્યા વગર એમને એક વખત ચા પી લેવાથી કંઈ નુકશાન નથી થઈ જવાનું એવો પ્રસ્તાવ એટલે કે પ્રપોઝલ રાખી જ શકાય, એવો વિચાર તમારા મનમાં આવી જાય તો સરસ આગે બઢો. જુઓ હવે તમે ગમે ત્યારે કોઈને પણ પ્રપોઝ કરતા થઈ ગયા.

હવે કેટલાક કહેશે કે આ બધું તો સરળ છે, મિત્રો આગળ, સગા સંબંધી આગળ કે આજુબાજુ વાળા આગળ તો ગમે ત્યારે, ગમે તેવી પ્રપોઝલ મૂકી દેવાય, એમાં કંઈ કાંદા કાઢવાના નથી. ખરી મુસીબત તો જ્યાં દિલના તાર અડી જાય ત્યાં જ નડે છે. ત્યાં જ મોંઢા પર સવામણનાં તાળા લાગી જાય છે. એમાંય થોડી હિંમત કરતા એને ચા માટે, કૉફી માટે, ક્રિડ્રિંક માટે કે છેલ્લે સાથે ફિલ્મ જોવા આવવા માટે પૂછી લેવાય છે પણ ફરીથી પ્રેમ કે લગ્નની વાત આવતા જ મોંઢે એ જ જૂનું છતાં અડીખમ એવું સવામણનું તાળું લાગી જાય છે!

જો કે આવું ના થાય એ માટે મારી પાસે કશું કહ્યા વગર તમારો પ્રસ્તાવ સામેવાળા તરફ મૂકવાનો એક રસ્તો છે. તમારે એક પૂંઠા પર (કાર્ડબોર્ડ પર) લખી રાખવાનું, ''તું પણ મને પ્રેમ કરે છે? હા કે ના. ' અને પછી પૂંઠું વેડફ્યા વગર એની જ પાછળની બાજુની કોરી જગ્યામાં બીજો વધારે જરૂરી સવાલ લખી નાંખવાનો, ''તું મારી સાથે લગ્ન કરીશ? હા કે ના!' જેવા તમે તમને ગમતા પાત્રની નજીક પહોંચી જાઓ એવું જ એ પૂંઠું એની નજર આગળ આવે આવે એમ આમથી તેમ ફેરવ્યા કરવાનું. જો એ પાત્ર પણ તમને ચાહતું હશે તો તરત તમારી મૂંઝવણ સમજી જશે અને શરમાતા શરમાતા પૂંઠાની આગળ પાછળ બંને બાજુએ 'હા' પર આંગળી મૂકી દેશે... બસ પછી શું, પ્રોબ્લેમ સોલ્વ થઈ ગયો ને?

આ પૂંઠાવાળી રીતમાં એક ફાયદો બીજો પણ છે, જો તમને ગમતું પાત્ર તમને ના ગમાડતું હોય અને કંઈક આડું અવળું બોલવાનું ચાલુ કરે કે એના પગનું જુત્તું હાથમાં લે તો તરત તમે એને રોકીને કહી શકો છો, ''આ તારા માટે નથી, એ તો કોઈ ખાસ માટે છે! સમવન સ્પેશિયલ, હુહ...' આ રસ્તે જતા બહુ ટેન્શન નહીં લેવાનું ગમતા પાત્ર બીજા પણ મળી રહેશે, આનું આ પૂંઠું સાચવી રાખજો ત્યાં પણ કામ આવશે...

એક બીજી પ્રચલિત ગેરમાન્યતા જેને લીધે લોકો મન થાય ત્યારે પ્રપોઝ કરતા અચકાય છે એ છે વાતાવરણ! સરસ જગ્યા, લાલ ગુલાબ, ચોકલેટ, ટેડીબેર, કાર્ડ, રોમાંચક સંગીત આ બધા વગર પ્રપોઝ ના કરી શકાય એ સાવ ખોટું છે. હકીકતે જ્યાં ખરેખર પ્રેમ હોય ત્યાં એકબીજાની સહમતી પર મંજૂરીની મહોર મારવા કોઈ વાતાવરણની જરૂર જ નથી. અરે ફેંકતી નથી બાપલીયા મારી પાસે એના સચોટ ઉદાહરણ છે.

તમે અમિતાભ બચ્ચનને ઓળખો છો ને, એમના એમની પત્ની જયા ભાદુડી સાથે લગ્ન થયા ત્યારે એ લોકોની લગ્ન કરી લેવાની સહેજે ઈચ્છા ન હતી. એમને તો એમની એક સહિયારી ફિલ્મ ઝંઝીરની સફળતા ઉજવવા મિત્રો સાથે લંડન રખડવા જવું હતું. આ વાતે અમિતાભના પપ્પા ન હતા માન્યા. એમનું કહેવું હતું કે જવાન છોકરો-છોકરી આમ લગ્ન કર્યા વગર રાત દિવસ એકબીજા સાથે ફર્યા કરે એ સારું નથી લાગતું. તમારે જવું હોય તો જાવ પણ લગ્ન કરીને જાઓ! એ દિવસે અમિતાભ અને જયા બંનેએ લંડન ફરવા જવા માટે ઘડિયા લગ્ન કરેલા અને ફેરા ફર્યા બાદ તરત એરપોર્ટ ભાગેલા. જુઓ આજેય એ લોકો સાથે છે એ પણ વગર પ્રપોઝ કરે!

એક બીજું ઉદાહરણ આપું, અનિલ અંબાણીનું. એ નીતા અંબાણી સાથે મુંબઈના ભરચક ટ્રાફીકમાં ગાડી ચલાવી રહ્યા હતા અને અચાનક રામ જાણે એમને શું થયું કે ગાડી ઊભી રાખી દીધી અને નીતાબેનને પૂછ્યું, ''તને મારી સાથે લગ્ન કરવામાં રસ ખરો? ખાલી 'હા' કે 'ના'માં જવાબ આપ અને હાલ જ આપ.'' નીતા બેન શું કરે? એમણે પહેલાં તો થોડી આનાકાની કરી, આવી રીતે પ્રપોઝ કરાતું હોય એમ પણ કહ્યું, ચારેબાજુ લોકો હોર્ન પર હોર્ન મારે જતા હતા અને છેવટે નીતાબેન 'હા...' કહીને ઘાંટો પાડ્યો ત્યારે તરત અનિલ અંબાણીએ ગાડી ચાલુ કરી અને આગળ વધારી. જુઓ એમની ગાડી હજી સાથે સાથે આગળ ને આગળ વધે જાય છે!

એટલે જેની સાથે તમારું મન મળી ગયું હોય એને પ્રપોઝ કરવા વધારે કંઈ કરવાની જરૂર નથી, જ્યાં જ્યારે મેળ પડે ત્યારે કશો પણ વિચાર કર્યા વગર સીધે સીધું પૂછી જ નાંખવું!

અમસ્તું

છેલ્લા બંને ઉદાહરણ તમે એમાંથી કાંઈક બોધપાઠ લો એટલે આપ્યા છે, છેવટે પૂંઠું તો છે જ...

@KapadiaNiyati